### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો ખેડૂત હિતલક્ષી નિર્ણય

# ઉ.ગુજરાતમાં બે તાલુકાના ૭૪ તળાવો ચેકડેમ સાબરમતી ધરોઈ બંધના પાણીથી ભરાશે

### ૫૮૦૮ હેક્ટર જમીનમાં ખેતી કરતા અંદાજે ૨૭૦૦ ખેડૂતોને સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ થશે : ૩૧૭ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચ સાથે ૧૧૮ કિલોમીટર લંબાઇની પાઇપલાઇન તળાવો-ચેકડેમ ભરવા માટે નાખવામાં આવશે

ગાંધીનગર, તા.૧૪

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તર ગુજરાતના બે તાલુકા સતલાસણા અને ખેરાલુના ૫૩ ગામોનાં તળાવો અને ચેકડેમ મળીને કુલ ૭૪ તળાવો , ચેક ડેમ સાબરમતી જળાશય (ધરોઈ) યોજનાના પાણીથી ભરવાનો ખેડૂત હિતકારી નિર્ણય કર્યો છે.

મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના ધરોઈ ખાતે સાબરમતી નદી પર બાંધવામાં આવેલા ધરોઈ બંધના કમાન્ડ એરિયાની ભૌગોલિક સ્થિતિ મુજબ આ બે તાલુકાના ૩૭ ગામનો સમાવેશ કમાંડ એરિયા માં થઈ શક્યો નથી.

આ તાલુકાઓના ખેડૂતો મુખ્યત્વે પશુપાલન અને ખેતી આધારિત રોજગારી મેળવે છે. આ વિસ્તારમાં વરસાદની અનિયમિતતાના કારણે ભૂગર્ભ જળસ્તર પણ ઊંડા ઊતરી ગયા છે. એટલું જ નહિ , સિંચાઈ અને પશુપાલન માટે તેમને પૂરતું પાણી મળી શકતું નથી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ સમસ્યાના નિવારણ માટે આ વિસ્તારોના ખેડૂતો અને આગેવાનોએ કરેલી રજૂઆતોનો તેમણે સકારાત્મક અને સંવેદનાપૂર્ણ પ્રતિસાદ આપતાં આ મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ કરેલા આ નિર્ણય અનુસાર ધરોઈ બંધના પાણીના આ બે તાલુકાના ગામોમાં ઉપયોગ માટે નવીન પાઈપલાઈન નાખીને ખેરાલુ તથા સતલાસણા તાલુકાના તળાવો ભરીને ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

તદઅનુસાર, ખેરાલુ અને સતલાસણા તાલુકાના આશરે ૫૩ ગામોના તળાવો અને ૮ ચેકડેમને



સીધા જોડાણથી તથા ૮ તળાવો અને ૫ ચેકડેમને પરોક્ષ રીતે એમ કુલ ૭૪ તળાવો-ચેકડેમ દ્વારા ૫૮૦૮ હેક્ટર જમીનને સિંચાઈ માટે પાણી આપી શકાશે.

આ હેતુસર વિસ્તરણ પાઈપલાઈન સાથે કુલ ૧૧૮.૧૪ કિલોમીટર લાંબી પાઈપલાઈન નાખવામાં આવશે તથા બે તાલુકાના ૨૭૦૦ થી વધુ ખેડૂતોને સિંચાઈ સુવિધા આપવાના આયોજન માટે રાજ્ય સરકાર ૩૧૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. આ તળાવો ધરોઈ બંધના પાણીથી તબક્કાવાર ભરવા માટે કુલ ૪૦૦ એમ.સી.એફ.ટી. પાણીનો જથ્થો આ જળાશયમાંથી લેવામાં આવશે.



જગન્નાથ મંદિરમાંથી નિકળનાર રથયાત્રા માટે નવા રથ બનાવાયેલ છે. જેનું કલરકામ કરાઈ રહેલ છે.

# પતિનું હાર્ટએટેકથી મોત થતાં પત્નીનો વિયોગમાં આપઘાત

અમરેલી, તા.૧૪

પતિના મોતના આઘાત સહન ન કરી શકનાર પત્નીએ મોત વ્હાલું કર્યું છે. લીલીયામાં એક સાથે બે અર્થી ઉઠી હતી. જેને કારણે આખા ગામમાં શોકનો માહોલ હતો.

બન્યું એમ હતું કે, અમરેલીના જિલ્લાના લીલીયા ગામે રહેતા ધવલ રાઠોડના છ મહિના પહેલા જ લગ્ન થયા હતા. ધવલ રાઠોડના પ્રિન્સી નામની યુવતી સાથે છ મહિના પહેલા પ્રેમલગ્ન થયા હતા. તેમનો નવો નવો લગ્ન સંસાર સુખેથી શરૂ થયો હતો. પરંતુ વિધાતાને જાણે કંઈક ઓર જ મંજૂર હતું. આ પ્રેમને કોઈની નજર લાગી ગઈ. ધવલ રાઠોડને એકાએક હાર્ટએટેક આવ્યો હતો. તેને હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો, પરંતુ તે પહેલા તેનુ મોત નિપજ્યુ હતું. ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

આ સાંભળીને પ્રિન્સી પર આભ તૂટી પડ્યું હતું. પ્રિન્સી સ્તબ્ધ થઈ ગઈ હતી. તેનુ લગ્નજીવન ભાંગી ગયું હતું. પરંતુ ધવલ વગર મારું શું થશે, હું નહિ જીવી શકું તે વિચારીને પ્રિન્સીએ પણ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યુ હતું.

આ ઘટના બંનેના પરિવાર પર વ્રજઘાતની જેમ તૂટી પડી હતી. બે પરિવારે દીકરો અને દીકરી બંને ગુમાવ્યા હતા. હજી છ મહિના પહેલા જ જે પરિવારમાં લગ્નની શરણાઈઓ વાગતી હતી, ત્યાં હવે માતમ છવાયો હતો.

પ્રેમીયુગલની એકસાથે અંતિમ યાત્રા કાઢવામાં આવી હતી. એકસાથે બે લોકોની અર્થીથી લીલીયાની ગલીઓ પણ ગમગીની બની હતી. આ સમયે પરિવારનો આક્રંદ કંપારી છુટાવી દે તેવો હતો.

# માતરના ધારાસભ્યના ભત્રીજાના ઘરેથી દારૂનો જથ્થો ઝડપાયો

### ભલાડા ગામે બુટલેગરના ઘરે ઉતરેલો ૨૧.૬૬ લાખનો વિદેશી દારૂનો જથ્થો એલસીબીએ પકડ્યો

ખેડા, તા.૧૪

ખેડા લોકલ ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, માતર તાલુકાના લીંબાસી પોલીસ સ્ટેશનની હદમાં આવતાં ભલાડા ગામે હરસિદ્ધિપુરા વિસ્તારમાં રહેતો બુટલેગર વિજય ઉર્ફે પ્રિતેશ લક્ષ્મણભાઈ પરમારે પોતાના ઘરે મોટી માત્રામાં દારૂ ઉતાર્યો છે. જેથી એલસીબીએ એક ટીમ બનાવીને રેડ કરતા વિજય પરમાર તેમજ ગોવિંદ દાનાજી કનાજી પ્રજાપતિને દારૂના જથ્થા સાથે ઝડપી લેવામાં સફળતા મળી હતી. દારૂની ૭૦૦૦થી વધુ બોટલ મળતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી અને બંનેને પકડીને વધુ પૂછપરછ માટે પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા.

દારૂનો જથ્થો કબજે કર્યા બાદ ગણતરી કરતા વિદેશની દારૂની ૭૧૪૦ બોટલની કિંમત ૨૧.૪૯ લાખ રૂપિયા હોવાનું સામે આવ્યું છે. દારૂનો જથ્થો કોની પાસેથી લવાયો અને કોને આપવાનો હતો તે દિશામાં પોલીસ દ્વારા આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે.

આણંદ તાલુકાના વલાસણ ગામે ખુલ્લા ખેતરમાં દારૂનું કટિંગ કરતા ચાર શખસોને આણંદ એલસીબીએ ૧.૬૬ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યા છે. ઘટનાની વિગતો એવી છે કે, આણંદ એલસીબી દારૂ-જુગારની બદી અટકાવવા માટે પેટ્રોલિંગ કરી રહ્યા હતા. આ દરમિયાન તેમને બાતમી મળી હતી કે, આણંદ તાલુકાના વલાસણ ગામે રહેતો અલ્પેશ બંસીલાલ પટેલ જે અગાઉ દારૂના ગુનામાં પકડાયેલો છે અને વલાસણ ગામે રહેતા જયેશ વિજયફાઈ તળપદા સાથે મળીને બહારથી વિદેશી દારૂ મંગાવીને વલાસણ ગામે રાવજીભાઈની ખરી પાછળ ખુલ્લા ખેતરમાં દારૂ ઉતારીને કટિંગ કરવાની ફિરાકમાં છે. જેથી એલસીબીએ ટીમ બનાવીને ત્યાં રેડ કરીને અલ્પેશ પટેલ, વિજય તળપદા, જયેશ તળપદા, અમિત ઉર્ફે પમો તળપદાને ૧.૬૬ લાખના વિદેશી દારૂના જથ્થા, મોબાઈલ, રોકડ રકમ અને બાઈક મળી ૨.૪૪ લાખનો મુદ્દામાલ કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આવા જ એક બીજા બનાવમાં પોલીસે આંકલાવની જેમુડી તલાવડી પાસેથી વિદેશી દારૂ સાથે એક અને ગંભીરા ગામેથી વિદેશી દારૂ સાથે એક શખસને ઝડપી પાડીને વધુ તપાસ હાથ ધરી છે.

# આગામી ચોવીસ કલાક બાદ રાજ્યમાં તાપમાનમાં ઘટાડાની શરૂઆત થશે

### અમદાવાદમાં ૧૫, ૧૬ મેએ યલો એલર્ટ : આગામી પાંચ દિવસ ગુજરાતમાં વાતાવરણ સૂકું રહેશે ૪૨થી ૪૪ ડિગ્રીની આસાપાસ તાપમાન રહી શકે છે

અમદાવાદ, તા.૧૪

હાલ રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે, ત્યારે ગુજરાતવાસીઓ માટે આંશિક રાહતના સમાચાર છે. રાજ્યમાં ક્રમશઃ ગરમીની તીવ્રતામાં ઘટાડો થશે. હવામાન વિભાગની ગરમીમાં રાહત આપતી આગાહી સામે આવી છે. અમદાવાદમાં આજે ઓરેન્જ એલર્ટ યથાવત રહેશે. અમદાવાદમાં ૧૫, ૧૬ મેએ યલો એલર્ટ રહેશે. રાજ્યમાં ૨૪ કલાક બાદ તાપમાન ઘટવાનું શરૂ થશે. રાજ્યમાં ૨૪ કલાક બાદ ૨થી ૪ ડિગ્રી પારો ઉતરી શકે છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું કે, આગામી પાંચ દિવસ ગુજરાતમાં વાતાવરણ સૂકું રહેશે. જ્યારે ગુજરાતમાં ૪૨થી ૪૪ ડિગ્રીની આસાપાસ તાપમાન રહેવાની શક્યતા છે.

તેમણે જણાવ્યું હતું કે, ગઈકાલે ગુજરાતમાં સૌથી વધુ તાપમાન અમદાવાદમાં ૪૪.૭ ડિગ્રી નોંધાયું હતું. સાથે જ હિટવેવ અંગે તેમણે જણાવ્યું કે, આજથી હિટવેવ માટે હિટ એલર્ટ આપવામાં આવ્યું નથી. ઉપરાંત ગઈકાલે દીવ અને કચ્છમાં હિટવેવનો અનુભવ થયો હોવાનું જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, આગામી પાંચ દિવસ ૨થી ૪ ડિગ્રી તાપમાન ઘટી શકે છે. જ્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં ૪૩થી ૪૪ ડિગ્રી તાપમાન રહેવાની સંભાવના છે. સાથે જ અમદાવાદમાં એક દિવસ માટે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે, જે બાદ બે દિવસ માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. બીજી બાજુ, હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, કાળઝાળ ગરમી પડી રહી છે અને હજુ પણ ગરમી પડવાની છે. ૧૫થી ૧૬ મેના ગરમીમાં આંશિક ઘટાડો થવાની શક્યતા છે. આંધી વંટોળનું પ્રમાણ વધશે. તેમજ કૃતિકા નક્ષત્ર સમુદ્રમાં હલચલ કરાવે છે. તેના કારણે પવનની ગતિ વધે છે અને બાષ્પીભવન પ્રકિયા વધશે. અરબ દેશોમાંથી પાકિસ્તાનની ઉપર થઈ ધૂળ ગુજરાત તરફ આવશે અને ધૂળનું પ્રમાણ વધશે. ગુજરાતમાં આંધી વંટોળ જોવા મળશે. જે ચોમાસાના લક્ષણ દ્રષ્ટીગોચર થાય છે. ગુજરાતમાં મે મહિનામાં પ્રી-મોનસુન એક્ટિવિટી થતી હોય છે. જેના કારણે વરસાદ પણ આવે છે. ત્યારે ૨૨થી ૨૪માં પણ પ્રી-મોનસુન એક્ટિવિટી થશે.

# કચ્છમાંથી લુંટેલા જીરૂ ભરેલા ટ્રક સાથે બે આરોપી પકડાયા

### બે ઈસમો ડ્રાઈવર અને કલીનરને માર મારી તેનો સામાન અને જીરૂ ભરેલ ટ્રકની લુંટ કરીને નાસી ગયા હતા

કચ્છ, તા.૧૪

કચ્છમાંથી લાખોની કિંમતના જીરૂ સાથે ભરેલી ટ્રકની લુંટ કરવામાં આવી હતી. જે કેસમાં લુંટ કરવામાં આવેલા જીરૂ, ટ્રક સાથે બે આરોપીને જામનગરની પોલીસે પકડી પાડ્યો છે. જેમાં કુલ કિંમત રૂપિયા ૭૩ લાખના મુદામાલ જપ્ત કર્યો છે. જીરૂની લુંટ કરીને આરોપીએ જામનગરના મસીતીયા ગામે કાકાની વાડીમાં લુંટનો માલ રાખ્યો હતો. પોલીસે આ અંગે કાર્યવાહી કરી હતી. જે દરમ્યાન કાકા-ભત્રીજા સાથે લુંટ કરાયેલ માલને જપ્ત કરીને કાર્યવાહી શરૂ કરી છે.

જામનગરના વેપારીએ મોરબીના યાર્ડના અન્ય વેપારી પાસેથી ૫૪૦ ગુણી જીરૂની ખરીદી કરી હતી. જો કે આ જીરૂના જથ્થાને ગાંધીધામ પહોંચાડવાનું ફોન પર જાણ કરાતા કિંમતી જીરૂને ટ્રકમાં મોકલ્યો હતો. જીરૂ ભરેલ ટ્રક લઈને નિકળેલ ટ્રક ડ્રાઈવર રાત્રીના આરામ કરતા હતા, જે દરમ્યાન બે ઈસમો ડ્રાઈવર અને તેની સાથે રહેલા કલીનરને માર મારી તેનો સામાન અને જીરૂ ભરેલ ટ્રકની લુંટ કરીને નાસી ગયા હોવાની ઘટના બની હતી. જે બાદ પોલીસે આ સમગ્ર બાબતે તપાસ શરૂ કરી હતી. લાંબી કાર્યવાહી બાદ પોલીસને માલૂમ પડ્યું હતું કે ટ્રક જામનગરના મસીતીયામાં રાખવામાં આવ્યો છે. જામનગર પોલીસને લુંટ કરેલો ટ્રક અને કિંમતી જીરૂની જાણ થતા ટ્રકને શોધીને જપ્ત કર્યો હતો.

મહત્વનુ છે કે સાથે આ કેસમાં સામેલ કાકા-ભત્રીજાની પણ અટકાયત કરીને તેમની સામે કાર્યવાહી કરી હતી. પોલીસે આબાદીન ઓસમાણ ખફી , ગફાર આમદ ખફીની અટકાયત કરેલ છે. અન્ય ત્રણ આરોપીઓ પોલીસની તપાસમાં નામ ખુલ્યા છે. જે તમામને શોધવા પોલીસે કવાયત શરૂ કરી છે. કુલ પાંચ લોકો સાથે મળીને જીરૂના જથ્થાની લુંટ કરી હતી. પોલીસે લુંટાયેલ ટ્રકન સહીતનો કામ માલ જપ્ત કર્યો છે. તેમજ ગુના માટે ઉપયોગમા લેવામાં આવેલ સ્કોર્પિયો કાર પણ જપ્ત કરી છે. હાલ જીરૂના ભાવ આસમાને પહોંચ્યા છે, ત્યારે જીરૂની ચોરી, લુંટ જેવા બનાવ સામે આવી રહ્યા છે. કુલ ૫૩૯ ગુણી ભરેલ ટ્રકને મસીતીયાથી પોલીસે પકડી પાડ્યો હતો જે કેસમાં આબેદીન ઓસમાણ ખફી અને ગફાર આમદ ખફીને અટકાયત કરીને કાર્યવાહી કરી છે. અન્ય ત્રણ આરોપી હજી પણ ફરાર છે. જેને શોધવા માટે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. આ કેસમાં કુલ રૂપિયા ૬૨ લાખની કિંમતનુ જીરૂ, ટ્રક અને સ્કોર્પિયો મળીને કુલ ૭૩ લાખની કિંમતનો મુદામાલ જપ્ત કરેલ છે.



રિવરફ્રન્ટમાં એએમસી દ્વારા વાવેલ ઝાડને ગરમીમાં પુરતું પાણી નહીં મળતા સુકાઈ ગયેલ છે.

# હવે જાહેરમાં થુંકતા દેખાયા તો ઘરે નોટિસ આવશે

### પાલિકાએ સીસીટીવીની મદદથી શરૂ કર્યું મોનિટરિંગ : વડોદરા પાલિકાએ ગંદકી ફેલાવતા લોકો વિરુદ્ધ કાર્યવાહીની શરૂઆત કરી છે : અત્યાર સુધી ૧૭ લોકોને દંડની નોટિસ

વડોદરા, તા.૧૪

વડોદરા મહાનગર પાલિકા દ્વારા શહેરને સ્વચ્છ રાખવા માટે અનેક કાર્યો કરવામાં આવે છે. પરંતુ પાન-મસાલા ખાઈને રસ્તા પર થુંકતા લોકો ગંદકી ફેલાવી રહ્યાં છે. પરંતુ હવે મહાનગર પાલિકાએ આવા લોકોને દંડ ફટકારવાનું શરૂ કર્યું છે. હવે વડોદરાના જાહેર માર્ગો પર થુંકતા પહેલાં લોકોએ સો વાર વિચાર કરવો પડશે. વડોદરા પાલિકાએ આ માટે દંડ ફટકારવાની કામગીરી શરૂ કરી છે.

વડોદરા મહાનગર પાલિકા દ્વારા જાહેર રસ્તાઓ પર થુંકતા લોકો વિરુદ્ધ કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી છે. આ માટે પાલિકાની ટીમ સીસીટીવીની મદદ લઈ રહી છે. જે વ્યક્તિ થુંકતા સીસીટીવીમાં કેદ થશે તેના ઘરે દંડની નોટિસ મોકલવામાં આવશે. પાલિકા દ્વારા જુદા-જુદા ૧૭ લોકોને નોટિસ ફટકારવામાં આવી છે. વડોદરામાં જાહેર માર્ગો પર થુંકતા અને કચરો નાખતા લોકો પર નજર રાખવા માટે સિટી સિવિક સેન્ટરમાં ૨૪ કલાક મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. પાલિકા દ્વારા સીસીટીવી કેમેરાની મદદથી જાહેરમાં ગંદકી ફેલાવનાર લોકોની ઓળખ કરવામાં આવી રહી છે. આવા લોકોને ઘરે દંડ ભરવા માટે નોટિસ મોકલવામાં આવી રહી છે. પાલિકા દ્વારા કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે, જ્યાં કર્મચારીઓ ૨૪ કલાક નજર રાખી રહ્યાં છે. વડોદરા શહેરને સ્વચ્છ રાખવા માટે પાલિકા દ્વારા ખાસ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. શહેરમાં ગંદકી ફેલાવનાર સામે દંડ વસૂલ કરવામાં આવી રહ્યો છે. શહેરના ટ્રાફિક પોઈન્ટ પર આવેલા સીસીટીવી સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યાં છે. જે વાહન ચાલકો રસ્તા પર થુંકશે તેના ફૂટેજના આધારે તેને ઘરે નોટિસ ફટકારવામાં આવશે. વડોદરા મનપાએ વાહન ચાલકોના માલિક સુધી પહોંચીને દંડ વસૂલવાનું પણ શરૂ કર્યું છે.

## સજ્જ કરાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વોર્ન કીટ ફરજિયાત કરવામાં આવી છે. જયારે ઈન્સ્પેકટરે બોડી વોર્ન કેમેરા પહેર્યા હશે તો તેમની સામે ગેરવર્તણુંક તેમજ હુમલો કરવાના કિસ્સામાં પણ સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ જશે તેમ પણ આર ટી ઓ તંત્રનુ માનવુ છે. જયારે કર્મચારીઓ અને ઈન્સ્પેકટર્સની ગતિવિધિઓ ઉપર પણ નજર રહેશે. પ્રાથમિક તબક્કામાં ગાંધીનગર આર ટી ઓ કચેરીના કર્મચારીઓ માટે આ પ્રકારના્ આઠ કેમેરા આપવામાં આવ્યા છે. જેમાં ત્રણ ચેકીંગ કરતા ઈન્સ્પેકટર્સ ઉપરાંત અન્ય ત્રણ કલાર્કને કેમેરા આપવામાં આવ્યા છે. આ ઉપરાંત વાહનોનુ ચેકીંગ કરતા ઈન્સપેકટર્સ અને ટેસ્ટીંગ ટ્રેકના ઈન્સ્પેકટરને આ કેમેરાની વ્યવસ્થા આપવામાં આવી છે.

## નીચે ઉતર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં રાત્રિની રોનક નિખરે છે ગરમીની અસરથી દિવસ દરમિયાન સેકટરોની શેરીઓમાં સન્નાટો જોવા મળે છે.

જયારે રાત્રિના સમયે અન્ય ઠંડા પીણા જયુસ અને આઈસ્કીમ પાર્લરો ઉપર પણ ભીડ જોવા મળે છે. અંગ દઝાડતી આકરી ગરમીમાં સ્કીન પ્રોટેકશન માટે બજારમાં સન સ્કીન લોશનની ડીમાન્ડ પણ વધી છે. જયારે સ્કીન કેર સહીત હીટવેવથી બચવા માટે યુવતિઓ પણ વિશેષ નુસ્ખા અજમાવી રહી છે દ્રીચક્રી વાહનચાલકો મોં ઢાંકીને ચામડીના દાહ આપતી ગરમીથી બચવા માટે પ્રયાસો કરી રહ્યા છે. આકરી ગરમીએ સૌ કોઈને તોબા કરી દીધા છે. ત્યારે હવામાન તજજ્ઞોનાના મતે ગરમીના પ્રકોપ વચ્ચે આગામી દિવસોમાં વાતાવરણ પલ્ટાની પણ સંભાવના છે. જયારે આંધી વંટોળ સાથે મોસમમાં પલ્ટો આવશે જો કે આ સ્થિતિ વચ્ચે કાતિલ ગરમીમાં રાહત મળશે તેવી આશ પણ નગરજનો સેવી રહ્યા છે.

## બગડ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુણવત્તા ઓછી થઈ ગઈ છે. તેના સ્વાદ, સુગંધ અને આકારમાં ફેર જણાય છે. વળી કાચી કેરીને પકવવા મુકીએ ત્યારે થોડાક જ દિવસોમાં તે બગડવા માંડે છે. ખુબ ઝડપથી તેમાં જીવાત પડી જાય છે. વળી હવામાનની વિપરીત અસરના કારણે આ વર્ષે વલસાડી કેરીનો માલ પણ ઓછો આવ્યો છે. કેરીનો ભાવ ભલે ઓછો હોય પણ કેરીની સિઝન જાણે જામતી નથી.

## ત્રાટક્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. 'bdnews24.com'ના સમાચાર મુજબ ફેની, નોઆખલી, લક્ષમપુર, ચાંદપુર અને ભોલાના નીચાણવાળા વિસ્તારોમાં સામાન્ય કરતા પાંચથી સાત ફૂટ ઊંચા મોજા ઉછળવાને કારણે પૂરની સંભાવના છે. હવામાનશાસ્ત્રીઓનું કહેવું છે કે, મોચા લગભગ બે દાયકામાં બાંગ્લાદેશમાં ત્રાટકેલા સૌથી શક્તિશાળી ચક્રવાતમાંનું એક છે. કેટેગરી ચારનું ચક્રવાત કેટેગરી પાંચના વાવાઝોડા જેટલું જ તીવ્ર બન્યું છે. લગભગ ૫,૦૦,૦૦૦ લોકોને સુરક્ષિત વિસ્તારોમાં ખસેડવામાં આવ્યા છે.

## શપથ ગ્રહણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ધારાસભ્યો સાથે વાત કર્યા બાદ જ લેવામાં આવશે.

એવી ધારણા છે કે કોંગ્રેસ ટૂંક સમયમાં સીએમના નામ પર મહોર મારી શકે છે. આ બધાની વચ્ચે કર્ણાટકમાં પાર્ટીના વરિષ્ઠ નેતા ડીકે શિવકુમારે મોટું નિવેદન આપ્યું છે. તેમણે રવિવારે કહ્યું કે મેં પાર્ટી માટે ઘણી વખત બલિદાન આપ્યું છે. કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ ડીકે શિવકુમારે રવિવારે કોંગ્રેસની જીતમાં મહત્વની ભૂમિકા ભજવનાર લિંગાયત સમુદાયના ધાર્મિક કેન્દ્ર તુમકુર સ્થિત સિદ્ધગંગા મઠની મુલાકાત લીધા બાદ આ નિવેદન આપ્યું હતું.

## ભડકી હિંસા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમગ્ર વિવાદ શરૂ થયો હતો. સોશિયલ મીડિયા પોસ્ટને લઈને બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. આ મામલે પોલીસે અત્યાર સુધીમાં ૧૫ લોકોની ધરપકડ કરી છે. સ્થિતિને કંટ્રોલમાં રાખવા માટે તંત્ર દ્વારા અહીં ૧૪૪ કલમ લાગુ કરવામાં આવી છે. આ અંગે અકોલાના કલેક્ટર નીમાં અરોરા એ જણાવ્યું હતું કે હિંસક અથડામણ પછી શહેરમાં ૧૪૪ કલમ લાગુ કરવામાં આવી છે.